અપીલ અરજી નં.૪૧૦ તા.૨૩–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૧–૨–૧૧ની અરજીથી શહેરના નાગરિકોની આરોગ્ય અને સુખાકારીની જવાબદારી સુ.મ.પા.ની આવતી હોય તે બાબતે હવા,પાણી અને અવાજનું પ્રદુષણ માપક મોબાઈલ યુનિટ ખરીદવા મ.ન.પા ના અગાઉના સ્થા. સમિતિના અધ્યક્ષ શ્રીરણજીતભાઈ ચીમના ૬૦ લાખ રૂપિયા ફાળવવાની દરખાસ્ત મંજુર કરી હતી તે બાબતે હવા,પાણી અને અવાજનું પ્રદુષણ મોબાઈલ યુનિટ ખરીદવામાં આવેલ છે કે નહિ તેની રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૦/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૧–૨–૧૧ની અરજીથી શહેરના નાગરિકોની આરોગ્ય અને સુખાકારીની જવાબદારી સુ.મ.પા.ની આવતી હોય તે બાબતે હવા,પાણી અને અવાજનું પ્રદુષણ માપક મોબાઈલ યુનિટ ખરીદવા મ.ન.પા ના અગાઉના સ્થા. સમિતિના અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ચીમના ૬૦ લાખ રૂપિયા ફાળવવાની દરખાસ્ત મંજુર કરી હતી તે બાબતે હવા,પાણી અને અવાજનું પ્રદુષણ માપક મોબાઈલ યુનિટ ખરીદવામાં આવેલ છે કે નહિ તેની રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૯૪ તા.૨૮–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ/આ.નં.૮૪ તા.૧૯–૪–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત , સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૬૮૩ તા.૨૩–૨–૧૧ થી ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારીને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૩ તા.૧૯–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર ડ્રેનેજ વિભાગને મોબાઈલ યુનીટ બાબતે અરજદારને માહિતી પૂરી પાડવા અંગે ઘટિત કાર્યવાહી કરવા પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૧–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં. ૧૬૮૩ તા.૨૩–૨–૧૧ થી ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારીને તબદીલ કરેલ છે તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૩ તા.૧૯–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર ડ્રેનેજ વિભાગને મોબાઈલ યુનીટ બાબતે માહિતી પૂરી પાડવા અંગે ઘટિત કાર્યવાહી હાથ ધરવા પત્ર પાઠવવામાં આવેલ છે. પરંતુ સેન્ટ્રલઝોન તરફથી અરજદારને આ અંગેની કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. અને સેન્ટ્રલઝોને તબદીલ કરેલ. ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી તબદીલ થયા બાદ માહિતી પૂરી પડાયેલ નહીં હોવાનું અરજદારે અપીલમાં જણાવેલ છે. અપીલ તબકકે વિશેષ કોઈ વિગતે રજૂ થયેલ નથી. પરંતુ અરજદારે અરજી સાથે તા.૨૧–૮–૦૨ ની તારીખ લખેલી ગુજરાત મિત્ર દૈનિક પેપરની હોવાનું જણાવતાં અખબારી સમાચારની નકલ રજૂ કરેલ છે જેમાં આ બાબતેની પ્રસિધ્ધિનો ઉલ્લેખ જોવા મળે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને આ બાબતે દફતરી હકીકતલક્ષી માહિતી તેમના કાર્યક્ષેત્રને સ્પર્શતી બાબત પૂરતી પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજને જણાવવામાં આવે છે. અને અપીલનો નિકાલ કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ., એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,